**<u>સ્પે.દિ.મુ.નં.–૧૪૮/૨૦૧૧.</u>**

## –– :: <u>આંક–૨૨ લગત હુકમ</u> :: ––

૧. અરજી વંચાણે લીધી. અરજી ઉપર પ્રતિ.નં.–૧ તથા સૂચિત પ્રતિ.નં.–૨ નાં વિધ્વાન વકીલશ્રીએ કરેલ શેરો વંચાણે લીધો. વાદી તરફે વિધ્વાન વકીલશ્રી જે.એચ. ધમાણીને તથા પ્રતિ.નં.–૧ અને સૂચિત પ્રતિ.નં.–૨ નાં વિધ્વાન વકીલશ્રી કે.બી. સંઘવીને સાંભળ્યા. હાલની અરજી વાદી તરફે સી.પી.સી. ઓર્ડર–૧ રુલ–૧૦ અન્વયે સૂચિત પ્રતિવાદી નિર્મળાબેન બાવનજીભાઈ પેથાણીને પ્રતિ.નં.–૨ તરીકે જોડવા માટે આપેલ છે.

૨. અરજીનાં કથનો વંચાણે લેતાં, પ્રતિ.નં.–૧ નાએ રજુ કરેલ દાવા જવાબમાં દાવાવાળી મિલકત સૂચિત પ્રતિ.નં.–૨ ને રજી.વેચાણ દસ્તાવેજથી વેચાણ કરી દીધેલ છે. જેથી દાવાનાં કામે સૂચિત પ્રતિવાદી જરુરી પક્ષકાર હોય અને દાવાનાં નિર્ણય માટે જરુરી હોય પ્રતિ.નં.–૨ તરીકે જોડવા દાદ માંગેલ છે. આ હકીકત સંબંધે પ્રતિ.નં.–૧ તરફે વિધ્વાન વકીલશ્રી કે.બી. સંઘવી છે, જયારે સૂચિત પ્રતિવાદીને નોટીસ કાઢતાં, સૂચિત પ્રતિવાદી તરફે વકીલશ્રી તરીકે કે.બી. સંઘવી હાજર થયેલા છે અને તેઓને દાવાનાં કામે પ્રતિ.નં.–૨ તરીકે જોડવા સામે વાંધો નથી તે મતલબનો લેખિત શેરો કરેલ છે, ત્યારે તેમજ દાવા જવાબની હકીકતોનાં આધારે હાલની અરજી અપાયેલ છે. તેના કથનો ધ્યાને લેતાં, દાવાવાળી મિલકત સૂચિત પ્રતિ.નં.–૨ ને વેચાણ આપેલ છે. જેથી દાવાવાળી મિલકત સંબંધે ન્યાયિક નિર્ણય માટે સૂચિત પ્રતિ.નં.–૨ જરુરી પક્ષકાર છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૧ રુલ–૧૦ ની જોગવાઈઓ હેઠળ હાલની અરજી ગ્રાહય રાખવી વ્યાજબી અને ઉચિત જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: <u>હુ ક મ</u> :–

૧: હાલની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨: સૂચિત પ્રતિ.નં.–૨ ને હાલનાં દાવાનાં કામે પ્રતિ.નં.–૨ તરીકે જોડવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩: વાદી તરફે નિયત સમયમર્યાદામાં દાવા અરજીમાં તે મુજબનો સુધારો કરવો અને સુધારો થયેથી જરુરી પ્રોસેસ ફી ભર્યેથી સૂચિત પ્રતિવાદીને નોટીસ કાઢવી.

૪: ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આજરોજ તારીખઃ ૩૦ મી માહેઃ જાન્યુ. સનેઃ ૨૦૧૪ ના રોજ ખુલ્લી અદાલતમાં હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. જુનાગઢ.
તા.૩૦–૦૧–૧૪.

(**બી.સી. ઠકકર**)
પાંચમા એડી.સિનીયર સીવીલ જજ
જુનાગઢ.